અનુભવોમાંથી પ્રાપ્ત પુરાવાઓને સ્વીકારતું હોવાથી તેમજ નિરીક્ષણ, પ્રયોગ વગેરે વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા વાસ્તવિક હકીકતો મેળવતું હોવાથી આનુભવિક વિજ્ઞાન છે. તે અનુભવગમ્ય અને વસ્તુલક્ષી હકીકતોને આધારે સામાજિક વર્તનની વૈજ્ઞાનિક સમજૂતી આપે છે, તેથી તે આનુભવિક વિજ્ઞાન છે.

જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુનો તેના પ્રાકૃતિક સ્વરૂપમાં એટલે કે વાસ્તવિક સ્વરૂપમાં એટલે કે મૂળ સ્વરૂપમાં અભ્યાસ કરે છે, તેને પ્રાકૃતિક વિજ્ઞાન કહેવામાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તન કે સામાજિક આંતરક્રિયા જે સ્વરૂપે ઉદ્ભવે છે તે જ મૂળ સ્વરૂપે તેનો અભ્યાસ કરે છે, તેથી તે પ્રાકૃતિક વિજ્ઞાન છે.

(3) સમાજલક્ષી મનોવિજ્ઞાન વાર્તનિક વિજ્ઞાન છેઃ

જે વિજ્ઞાનોમાં પ્રાણી, માનવી તેમજ કોઈપણ જીવંત શરીર (organism)ના વર્તનનો અભ્યાસ નિરીક્ષણ દ્વારા વસ્તુલક્ષી દૃષ્ટિએ થતો હોય તેમને વાર્તનિક વિજ્ઞાનો કહેવામાં આવે છે. આ કારણને લીધે મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રને વાર્તીનક વિજ્ઞાનો કહેવામાં આવે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં વ્યક્તિના સામાજિક વર્તનનો વસ્તુલક્ષી રીતે અને વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થાય છે, તેથી તેને વાર્તનિક વિજ્ઞાન કહેવામાં આવે છે.

(4) સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક અને વ્યાવહારિક વિજ્ઞાન છે:

જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુ અંગે સિદ્ધાંતો આપે છે તે વિજ્ઞાનને સૈદ્ધાંતિક વિજ્ઞાન કહે છે. જ્યારે બીજી બાજુ જે વિજ્ઞાન પોતાના વિષયવસ્તુને લગતા સિદ્ધાંતોનો વ્યવહારમાં ઉપયોગ

કરે છે તે વિજ્ઞાનને વ્યાવહારિક વિજ્ઞાન કહે છે. આધુનિક સમયમાં પ્રત્યેક વિજ્ઞાનનાં બે પાસાંઓ હોય છે:

(1) સૈદ્ધાંતિક અને

(2) વ્યાવહારિક.

સમાજલક્ષી મનોવિજ્ઞાન પણ સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બંને પાસાંઓ ધરાવે છે.

સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક વિજ્ઞાન તરીકે સામાજિક વર્તનની સૈદ્ધાંતિક સમજૂતી આપતા સિદ્ધાંતો કે નિયમો આપે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન સૈદ્ધાંતિક પાસાની સાથે સાથે વ્યાવહારિક પાસું પણ અપનાવે છે. વ્યાવહારિક વિજ્ઞાન તરીકે તે સમાજની સમસ્યાઓનું નિરાકરણ કરે છે. સમાજલક્ષી મનોવિજ્ઞાનને પૂર્વગ્રહો અને ભેદભાવોને ઓછા કરવા, મનોવલણમાં પરિવર્તન લાવવું, યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય તંગદિલી ઘટાડવી વગેરે ક્ષેત્રોમાં અભ્યાસોને આધારે મહત્ત્વનાં સૂચનો કર્યાં છે. સમાજલક્ષી મનોવિજ્ઞાને લોકમત

દ્વારા ચૂંટણીની આગાહી કરવી, પ્રચારની અસરકારક રીતો, પ્રચાર સામે રક્ષણ વગેરે ક્ષેત્રમાં પણ ઉપયોગી પ્રદાન કર્યું છે. આમ, આધુનિક સમા- જલક્ષી મનોવિજ્ઞાન સૈધ્ધાંતિક તેમજ વ્યાવહારિક બંને બિંદુઓ ધરાવે છે.

(5) સમાજલક્ષી મનોવિજ્ઞાન બોધાત્મક દષ્ટિબિંદુ સ્વીકારે છે:

સમાજલક્ષી મનોવિજ્ઞાન સામાજિક વર્તનની સમજૂતી આપવા માટે બોધાત્મક દષ્ટિબિંદુ-અભિગમ ધરાવે છે. જુદી જુદી પરિસ્થિતિઓમાં થતા વ્યક્તિના વર્તનનો આધાર તેના બીધન પર રહેલો છે. વ્યક્તિ પરિસ્થિતિ વિશે શું વિચારે છે તેને આધારે તેની પરિસ્થિતિ પ્રત્યેની પ્રતિક્રિયા નક્કી થાય છે. તેથી સમાજલક્ષી મનોવિજ્ઞાનમાં સામાજિક વર્તનની પર્યાપ્ત સમજૂતી આપવા માટે વ્યક્તિના બોધનનો એટલે કે વિચાર પ્રક્રિયાનો અભ્યાસ થાય છે અને સાથે સાથે વ્યક્તિના બોધન

એટલે કે વિચારપ્રક્રિયાની અસર તેના સામાજિક વર્તન પર કેવી રીતે થાય છે તેનો પણ અભ્યાસ થાય છે. આમ, તે બોધાત્મક દૃષ્ટિબિંદુ ધરાવે છે.

(6) સમાજલક્ષી મનોવિજ્ઞાન બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ અપનાવે છેઃ

માનવીઓના વર્તનમાં સાંસ્કૃતિક દષ્ટિએ ભિન્નતા રહેલી છે. તેથી આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન માનવીના સામાજિક વર્તનની સર્વસામાન્ય સમજૂતી તો આપે છે; પરંતુ સાથે સાથે તે બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ પણ અપનાવે છે. આ દૃષ્ટિબિંદુ પ્રમાણે વિવિધ સમાજોની સાંસ્કૃતિક તરેહ પ્રમાણે વર્તનમાં ભિન્નતા હોઈ શકે છે. રોમેન્ટિક પ્રેમની અભિવ્યક્તિ જે રીતે અમેરિકન સમાજમાં કે પશ્ચિમના સમાજમાં થાય છે તેવી રીતે ભારતીય સમાજમાં તેની અભિવ્યક્તિ થઈ શકતી નથી. તેનું

કારણ સાંસ્કૃતિક ભિન્નતા છે. આમ, વર્તનની સમજૂતી માટે સાંસ્કૃતિક ભિન્નતાને ધ્યાનમાં લેવી જોઈએ. તેથી જ આધુનિક સમાજલક્ષી મનોવિજ્ઞાન બહુવિધ સાંસ્કૃતિક દૃષ્ટિબિંદુ ધરાવે છે.